GJLV060010312020

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૭/૦૯/૨૦૨૦ | | |
| દાખલ તારીખ | :: | ૧૭/૦૯/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ | : | ૧૪/૦૭/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૦૯ | ૨૭ |

## :: ફોર્મ–એ ::

| **એડીશનલ સીનીયર સીવીલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એન.દવે)સાહેબની કોર્ટમાં, મુ.બાલાસિનોર.<br>ક્રિમિનલ કેસ નંબર : ૮૬૬/૨૦૨૦<br>બાલાસિનોર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૭૪/૨૦૧૮<br>આંક –** | |
|---|---|
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી કે.એમ.રાણા |
| આરોપી પક્ષ | શૈલેષકુમાર કાળીદાસ પટેલ,<br>રહે. સાધકપુર, તા.લુણાવાડા, જી.મહીસાગર |
| રજૂઆત | વિ.વ.શ્રી જે.એન.મકવાણા |

## :: ફોર્મ–બી ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૫/૧૧/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૨૬/૧૧/૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | તા.૧૭/૦૯/૨૦૨૦ |
| પ્લીની તારીખ | તા.૨૪/૦૭/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૩/૦૮/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખ્યાની તારીખ | તા.૦૬/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૧૪/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયો/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં.ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શૈલેષકુમાર કાળીદાસ પટેલ | તા.૧૧/૧૨/૨૦૧૮ | તા.૧૧/૧૨/૨૦૧૮ | ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

# – : ચુકાદો : –

(૧) આરોપી વિરૂધ્ધ ઈન્ડીયન પિનલ કોડ–૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૨૫/૧૧/૨૦૧૮ ના રોજ સાંજના કલાક ૬:૦૦ વાગ્યાના સુમારે મોજે ગધાવાડાથી જનોડ પાટીયા વચ્ચે આવેલ હાઈવે રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાનો છોટા હાથી ડાલુ જેનો રજીસ્ટ્રેશન આવેલ ન હોય તે લઈ બાલાસિનોર થી કંબોપા જતા હતા ત્યારે આ કામના આરોપીએ પોતાની એસ.ટી. બસ નં. જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ફરીયાદીના છોટા

હાથીને ડ્રાઈવર સાઈડે સાઈડમાંથી ટકકર મારી ફરીયાદી તથા સાહેદને શરીરે ઈજા કરી ગાડીને નુકશાન પહોંચાડી ગાડી મુકી નાશી જઈ, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ બાલાસિનોર પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૭૪/૨૦૧૮ જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપી સામે આંક–૧ વાળા ચાર્જશીટ પરથી ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ જે તેઓને ધોરણસર બજી જતાં કોર્ટમાં હાજર થતાં તેને પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ મળી ગયાની ખાત્રી કર્યા બાદ અત્રેની કોર્ટ દ્વારા આંક–૦૩ થી સદરહુ ગુના અન્વયે આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો ના–કબુલ કરતાં ફરિયાદપક્ષનો પુરાવો શરૂ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

**::ફોર્મ–સી::**

**ફરિયાદપક્ષના સાક્ષીનું લિસ્ટ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૫ | કાળાભાઈ જેઠાભાઈ માચાવંશી | પંચ સાહેદ |
| ફ.સા.૨ | ૧૨ | પન્કેશભાઈ રમેશભાઈ મહેરા | પંચ સાહેદ |
| ફ.સા.૩ | ૧૬ | રમેશભાઈ શનાભાઈ મહેરા | સાહેદ |
| ફ.સા.૪ | ૨૦ | મહેશભાઈ બાબરભાઈ પગી | ફરીયાદી |
| ફ.સા.૫ | ૨૨ | બકોરભાઈ ભગાભાઈ પગી | સાહેદ |
| ફ.સા.૬ | ૨૫ | દીલીપભાઈ ચંદુભાઈ નાયક | સાહેદ |
| ફ.સા.૭ | ૨૬ | હીમ્મતભાઈ કાળાભાઈ મહેરા | સાહેદ |
| ફ.સા.૮ | ૨૯ | વિશ્વજીતસિંહ હરીશચંદ્રસિંહ સોલંકી | ત.ક.અમલદાર |
| ફ.સા.૯ | ૩૪ | ગોવિંદભાઈ રમેશભાઈ મહેરા | સાહેદ |

**ફરિયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લિસ્ટ–**

| અ.નં. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૦૬ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨. | આંક–૨૧ | ફરીયાદ |
| ૩. | આંક–૩૦ | સુચીપત્ર |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનુ જાહેર કરવામા આવેલ. વધુમાં આ કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપી વિશેષમાં અમો આરોપી નિર્દોષ છીએ અમારી સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૧૧/૨૦૧૮ ના રોજ સાંજના કલાક ૬:૦૦ વાગ્યાના સુમારે મોજે ગધાવાડાથી જનોડ પાટીયા વચ્ચે આવેલ હાઈવે રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાનો છોટા હાથી ડાલુ જેનો રજીસ્ટ્રેશન આવેલ ન હોય તે લઈ બાલાસિનોર થી કંબોપા જતા હતા ત્યારે આ કામના આરોપીએ પોતાની એસ.ટી. બસ નં. જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ફરીયાદીના છોટા હાથીને ડ્રાઈવર સાઈડે સાઈડમાંથી ટકકર મારી ફરીયાદી તથા સાહેદને શરીરે ઈજા કરી ગાડીને નુકશાન પહોંચાડી ગાડી મુકી નાશી જઈ, ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૪૨૭

તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.ર છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

## – : નિર્ણય માટેનાં કા ર ણો : –

**મુદ્દા નં.૧ અને ર :–**

(૭) ઉપરોક્ત મુદ્ધા સબંધીત ફરીયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધીનીયમ ૧૮૭ર ની ત્રીજી આવૃતીના પાન નં ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્ધારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોર્ય જે નીચે મુજબ ટાંકેલ છે.

""પુરાવાનુ મૂલ્યાંકન"" શબ્દનો પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ઘ કરવામાં આવ્યો નથી એ માટે કોઈ પણ કાનૂન સમપ્રીત નિયમો નથી. કારણ કે પુરાવાનુ મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધીનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનીયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબદ્ઘ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્ધારા

સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ તેમને કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રીયા એ પુરાવાનુ મુલ્યાંકનનો ભાગ છે.

(૮) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપી સામે એવો આક્ષેપ છે કે, તા.૨૫/૧૧/૨૦૧૮ ના રોજ સાંજના કલાક ૬:૦૦ વાગ્યા ના સુમારે મોજે ગધાવાડા થી જનોડ પાટીયા વચ્ચે આવેલ હાઈવે રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાનો છોટા હાથી ડાલુ જેનો રજીસ્ટ્રેશન આવેલ ન હોય તે લઈ બાલાસિનોર થી કંબોપા જતા હતા ત્યારે આ કામના આરોપીએ પોતાની એસ.ટી. બસ નં. જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ફરીયાદીના છોટા હાથીને ડ્રાઈવર સાઈડે સાઈડમાંથી ટકકર મારી ફરીયાદી તથા સાહેદને શરીરે ઈજા કરી ગાડીને નુકશાન પહોંચાડી ગાડી મુકી નાશી જઈ, ઈ.પી.કોડની કલમ-૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ -૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૯) આ કામે આંક-૦૫ થી પંચ સાહેદ કાળાભાઈ જેઠાભાઈ માચાવંશી તથા આંક-૧૨ થી તપાસેલા પંચ સાહેદ પન્કેશભાઈ રમેશભાઈ મહેરાનાઓ કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર પંચ સાહેદોને ફરી ગયેલા પંચ સાહેદો તરીકે જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવામા આવતા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તૈયાર કરેલ કાગળમાં તેમની સહી લીધેલી. કાગળ શી બાબતનો હતો તેની તેઓને જાત માહીતી નથી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક–૧૬ થી સાહેદ રમેશભાઈ શનાભાઈ મહેરાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૧૮ મા ગધાવાડા અને મેઘલીયા પાટીયાની વચ્ચે બનેલો. તેમનો દિકરો ગોવિંદભાઈ તથા ગાડીના માલીક મહેશભાઈ બાબતભાઈ પગી પોતાની ગાડી ટાટા એસ લઈને સેંટીગના ટેકા ભરીને નદીસરથી કમ્બોપા આવતા હતા ત્યારે સામેથી એસ.ટી. બસે અકસ્માત કરેલો. આ બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને તેમના પડોશીનો મોબાઈલ ફોન આવેલો અને જણાવેલ કે, તમારા દિકરાને અકસ્માત થયેલ છે તેવી હકીકત જણાવતા તેઓ તથા તેમનો બીજો દિકરો અવિનાશ બાઈક લઈને બનાવ સ્થળે આવેલા અને તેઓએ આવીને જોયેલ તો તેમનો દિકરો તથા મહેશભાઈ રોડ ઉપર સુવડાવેલા હતા અને ટાટા એસ ગાડી જોયેલ તો આગળનો ભાગ તુટી ગયેલ હતો અને દરવાજાનો ભાગ તુટી ગયેલ હતો. તેઓએ બનાવ સ્થળે એસ.ટી. જોયેલ નહી. તેઓ તેમના દિકરા તથા મહેશભાઈને જીપમા બેસાડી સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યા સારવાર કરાવેલી. તેમના દિકરાને પેઢાના ભાગે વાગેલ હતુ અને મહેશભાઈને પેટના ભાગે વાગેલ હતુ. તેમના દિકરાને પેઢ ાના ભાગે વધુ ઈજા હોય જેથી વાત્રક હોસ્પિટલમાં વધુ સારવાર માટે લઈ ગયેલા. તેઓને પાછળથી જાણવા મળેલ કે આ બસના ડ્રાઈવર શૈલેષભાઈ કાળીદાસ પટેલનાઓ હતા. આ બનાવની ફરીયાદ મહેશભાઈનાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવામા આવતા તેમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નીવેદનમા એવી હકીકત લખાવેલ છે કે, બનાવ સ્થળે એક એસટી બસ પડેલ હતી જેનો નંબર જી.જે. ૧૮ વાય ૮૧૧૯ નો હતો અને વાતોવાતથી જાણવા મળેલ કે તેમના દિકરા ગોવિંદભાઈ તથા છોટા હાથીના ડ્રાઈવર મહેશભાઈનાઓને ૧૦૮ મોબાઈલમાં બાલાસિનોર સરકારી દવાખાનામાં લઈ ગયેલ.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ઓલ્ડ એસ.એસ.સી. પાસ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓને અંગ્રેજી લખતા વાંચતા આવડે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,અકસ્માતવાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળો બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓને ખબર નથી.

(૧૧) ત્યારબાદ આ કામે આંક–૨૦ થી ફરીયાદી મહેશભાઈ બાબરભાઈ પગીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદવાળો બનાવ આજથી પાંચેક વર્ષ પહેલા ગઘાવાડા ગામના બસ સ્ટેન્ડની આગળ બનેલો. તેઓ બાલાસિનોરથી છોટાહાથીમાં લાકડા ભરીને મોરાઈ ગામે જતા હતા તેમના માલીકીની છોટા હાથી ગાડી નવી હોય જેથી તેનો આર.ટી.ઓ. નંબર આવેલ ન હતો. તેઓ છોટાહાથી ગાડી લઈને જતા હતા ત્યારે એક એસ.ટી. બસથી અકસ્માત થયેલો. સામેથી આવતી એસ.ટી. બસે ટર્ન

મારીને તેમની ગાડીને અકસ્માત કરેલો. આ અકસ્માતમાં તેમની છોટા હાથી ગાડીને આગળના કાચને તથા આગળના શો ને નુકશાન થયેલ તેમજ પાછળના ભાગે લાકડા ભરેલા હોવાથી પાછળના ભાગે પણ બોડીને નુકશાન થયેલ. તેઓને શરીરે ડાબા પગે સાંથળના ભાગે વાગેલ તેમજ ગાડીમા બેઠેલ ગોવિંદભાઈને છાતીના ભાગે તેમજ પગના ભાગે વાગેલુ. આ વખતે કોઈએ ૧૦૮ મોબાઈલ ફોનથી બોલાવતા તેઓ બંને જણાને બાલાસિનોર સરકારી દવખાને લઈ ગયેલા. ત્યા તેમની સારવાર કરાવેલી. આ એસ.ટી. બસનો નંબર શુ તેઓને ખબર નથી. તેઓએ એસ.ટી. બસના ડ્રાઈવરને જોયેલ આ બનાવ સબંધે તેઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી તેઓને અસલ ફરીયાદ બતાવવામા આવતા તેમાં તેમની સહી જોયેથી ઓળખી બતાવતા હોય ફરીયાદને રજુ દાખલ આંક–૨૧ આપવામા આવેલ છે. આરોપીને જોયેથી ઓળખી શકે. આરોપીનો હાજરી મુકિત રીપોર્ટ હોય બચાવપક્ષે ઓળખ અંગે તકરાર નથી.

સદર ફરીયાદી ફરીયાદીની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર ફરીયાદીને ફરી ગયેલા ફરીયાદી તરીકે જાહેર કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપતા ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવામા આવતા તેમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તેમની પોલીસ રુબરુની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે, એસ.ટી. બસનો નંબર જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ નો હતો અને આ એસ.ટી. બસના ડ્રાઈવરે પોતાની બસ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી તેમની છોટાહાથીને ડ્રાઈવર સાઈડે સાઈડમાંથી ટકકર મારી નુકશાન કરી તેમજ તેઓને ડાબા પગના સાંથળના ભાગે તથા ગોવિંદભાઈનાઓને પેઢ ના ભાગે ઈજાઓ કરી ગાડી મુકી નાશી ગયેલ.

જયારે આ ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ ૧૦ ધોરણ પાસ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓને અંગ્રેજી મુળાક્ષર વાંચતા લખતા ફાવે છે તે સિવાય અંગ્રેજી આવડતુ નથી. બનાવ વખતે તેમના વાહનનો રજીસ્ટ્રેશન નંબર આવેલ નથી. ફરીયાદી સ્વેચ્છાએ જણાવેલ છે કે, નવી ગાડી હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,રજીસ્ટ્રેશન નંબર આવેલ ન હોય તો ગાડી રોડ ઉપર ચલાવી શકાય નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, રજીસ્ટ્રેશન નંબર વગરની ગાડી રોડ ઉપર ચલાવીએ તો કાયદેસર ગણાય નહી. બનાવ બન્યો તેના બીજા કે ત્રીજા દિવસે તેઓએ ફરીયાદ આપેલી. બાલાસિનોર સરકારી દવાખાનેથી પોલીસ સ્ ટેશન એકથી દોઢ કી.મી. દુર છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓ સરકારી દવાખાનેથી સીધા પોલીસ સ્ટેશન ગયેલ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદવાળા બનાવ સ્થળે બનાવ વખતે એક સાઈડ રોડનુ કામકાજ ચાલતુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બીજી સાઈડનો રોડ વાહનોને આવવા તથા જવાના એમ બંને રીતે વપરાશનો હતો. હવે તેઓ કહે છે કે, જે સાઈડના રોડનુ કામકાજ ચાલતુ ત્યા ડાયવર્ઝન આપેલુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદવાળા બનાવ સ્થળવાળા રસ્તાની આજુબાજુ પાણીનુ નેળીયુ આવેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદવાળા બનાવવાળા રસ્તા દિવસ રાત દરમ્યાન ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. ફરીયાદી સ્વેચ્છાએ જણાવેલ છે કે, વિરપુરથી બાલાસિનોર બસ જતી હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ તેમની પોલીસ રુબરુની ફરીયાદમા એવુ લખાવેલ છે કે, ''અમોને પાછળથી જાણવા મળેલ કે એસ.ટી. બસનો નં.જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ નો હતો.'' તેમના છોટાહાથીની લંબાઈ સાતેક ફુટની હતી. તેમની છોટા હાથી ગાડીમાં ૩૨ સેન્ટીંગની પ્લેટો અને ૩૫ જેવા લાકડાના ટેકા ભરેલા હતા. લાકડાના ટેકાની લંબાઈ આશરે છ ફુટની હતી.

ફરીયાદી સ્વેચ્છાએ જણાવેલ છે કે, હાઈટેક ગાડી હતી અને બાંધવાની જરૂર ન હતી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ પોલીસ સ્ટેશનમાં મોડી ફરીયાદ કેમ આપી તેનો તેમની ફરીયાદમાં કોઈ ખુલાસો કરેલ નથી.

(૧૨) ત્યારબાદ આ કામે આંક–૨૨ થી સાહેદ બકોરભાઈ ભગાભાઈ પગીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદવાળો બનાવ આજથી પાંચેક વર્ષ પહેલા ગઘાવાડા ગામના બસ સ્ટેન્ડની આગળ બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને મહેશભાઈનાઓ તેમના ગામના દીલીપભાઈ ચંદુભાઈ નાયકના મોબાઈલ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે હુ કંબોપા ગામના રમેશભાઈ શનાભાઈ મહેરાનાઓના દિકરા ગોવિંદભાઈનાઓ સેન્ટીંગના ટેકા ભરવા સારુ ગયેલા અને ટેકા ભરી આશરે દોઢેક વાગ્યાના સુમારે ઉજડા ગામેથી નીકળી બાલાસિનોર આવેલા અને બાલાસિનોરથી જી.આઈ.ડી.સી.મા આવેલા લાકડાની શો મીલમાંથી બળતણના લાકડા ભરી આશરે સાડા પાંચેક વાગ્યા સુમારે બાલાસિનોરથી કંબોપા જવા નીકળેલા. ત્યારબાદ કંબોપા પાટીયા નજીક એક એસ.ટી. બસના ચાલક તેની એસ.ટી. બસના ડ્રાઈવરે છોટા હાથીને ડ્રાઈવરે સાઈડે ટકકર મારી છોટા હાથીને નુકશાન થયેલુ. આ અકસ્માત થવાથી ગોવિંદભાઈને પેઢાના ભાગે ગેચર પાડવાનો સળીયો વાગેલો આ વખતે તેઓ તથા કુટુંબના બીજા માણસો અકસ્માતવાળી જગ્યાએ ગયેલા ત્યા બળતણના લાકડા વેરવિખેર પડેલા હતા. બનાવવાળી જગ્યાએ એક એસ.ટી. બસ ઉભેલ હતી તેનો નંબર તેઓને યાદ નથી. આ બનાવમા ગોવિંદભાઈ તથા મહેશભાઈનાઓને શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલી. મહેશભાઈનાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો નહી. તેઓને પાછળથી જાણવા નહી મળેલ કે એસ.ટી. બસનો ડ્રાઈવર કોણ હતો.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને બનાવની જાણ તેઓને ફોન ધ્વારા થયેલ અને બનાવ તેઓએ નજરે નજર જોયેલ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવની તેઓને કોઈ જાત માહીતી નથી.

(૧૩) ત્યારબાદ આ કામે આંક–૨૫ થી સાહેદ દીલીપભાઈ ચંદુભાઈ નાયકનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૧૮ માં બનેલો. આ બનાવમાં તેઓને જાણ છે ત્યા સુધી તેમના ગામના મહેશભાઈ બાબરભાઈ પગીની ખરીદ કરેલ છોટા હાથીને અકસ્માત થયેલ. આ બનાવ બાબતે બીજુ શુ બનેલુ તેની તેઓને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો કે કેમ તેની તેઓને ખબર નથી. આ અકસ્માતમા બીજુ કયુ વાહન હતુ તેની તેઓને ખબર નથી.

આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતાં નથી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ ૫ સુધી ભણેલા છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ અકસ્માત કોની ભુલ કે બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૪) ત્યારબાદ આ કામે આંક–૨૬ થી સાહેદ હીમ્મતભાઈ કાળાભાઈ મહેરાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૧૮ મા બનેલો. આ અકસ્માત પછી

તેઓ બનાવ સ્થળે ગયેલ પણ અકસ્માત કેવી રીતે થયેલો તેની તેઓને ખબર નથી કે કોની બેદરકારીને કારણે બનેલો તેની તેઓને ખબર નથી. આ બનાવ બાબતે બીજુ શુ બનેલુ તેની તેઓને ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો કે કેમ તેની તેઓને ખબર નથી. આ અકસ્માતમા બીજુ કયુ વાહન હતુ તેની તેઓને ખબર નથી.

આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતાં નથી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે,બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેમનો કોઈ જવાબ લીધેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ અકસ્માત કોની ભુલ કે બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૫) ત્યારબાદ આ કામે આંક-૨૯ થી તપાસ કરનાર અમલદાર વિશ્વજીતસિંહ હરીશચંદ્રસિંહ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૧૮ ના વર્ષમાં તેઓ બાલાસિનોર પોલીસ સ્ટેશન એ.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા. તા.૨૬/૧૧/૨૦૧૮ ના રોજ બાલાસિનોર પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના ચાર્જમા એ.હે.કો. દિનેશભાઈ રમણભાઈનાઓ હાજર હતા. દિનેશભાઈએ ફરીયાદી મહેશભાઈ બાબરભાઈ પગી, રહે. મોરાઈ, તા.લુણાવાડાનાઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લઈ બસ નં. જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ ના ચાલક સામે બાલાસિનોર પોલીસ સ્ટેશન એ. પાર્ટ ગુના રજી. નં.૭૪/૨૦૧૮, ઈ.પી.કોડની કલમ-૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબ ગુનો રજી કરી આગળની

તપાસ તેઓને સોંપેલી. તેઓને તપાસ સોંપ્યા અંગેનુ સુચીપત્રમા પી.એસ.ઓ. દિનેશભાઈ રમણભાઈની સહી જોયેથી ઓળખી બતાવતા હોય સુચીપત્રને રજુ દાખલ આંક–૩૦ આપવામા આવેલ છે. સદર કામે તેઓને આંક–૨૧ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જે તપાસના કામે મળેલ તે જ છે. સદર કામે તેઓએ તપાસ સંભાળી અકસ્માતવાળી જગ્યા મોજે ગધાવાડાથી જનોડ પાટીયા ઉપર જઈ પંચો રુબરુ અકસ્માતવાળી જગ્યાનુ પંચોના લખાવ્યા મુજબ પંચનામુ લખેલુ. તેઓને આંક–૦૬ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચોની તથા રુબરુ તરીકે કરેલ સહી તેમની છે જે જોયેથી ઓળખી બતાવેલ છે. સદર કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા સદર કામે તેમની તપાસમા આરોપી પોતાની એસ.ટી. બસ નં. જી.જે. ૧૮ વાય. ૮૧૧૯ ની પુરઝડપે અને બેફીકરાઈ ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની છોટા હાથીને ટકકર મારી અકસ્માત કરી ફરીયાદીને ઈજા પહોંચાડી વાહનને નુકશાન કરી ગુનો કરેલાનુ નીકળેલુ. સદર કામે અકસ્માત કરનાર એસ.ટી.ના ચાલક શૈલેષકુમાર કાળીદાસ પટેલ, રહે. સાધકપુર, તા.લુણાવાડાનાઓને તપાસના કામે બોલાવી નામદાર કોર્ટમાં હાજર રહેવા સારુ જામીન લઈ જવા દીધેલા. સદર કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયે ઓળખી શકે. આજરોજ આરોપી તરફે હાજરી મુકિત રીપોર્ટ આપેલ હોય ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે.

જયારે આ તપાસ કરનાર અમલદારની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી જગ્યા હાઈવે રોડ છે અને સતત ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,ઈજા પામનારના સારવાર સર્ટી આ કામે રજુ કરેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદીના છોટા હાથીનુ રજીસ્ટ્રેશન કરેલુ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બસના કંડકટરનુ નીવેદન

લીધેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામા આરોપીની કોઈ ઓળખ પરેડ કરવામા આવેલ નથી.

(૧૬) ત્યારબાદ આ કામે આંક–૩૪ થી સાહેદ ગોવિંદભાઈ રમેશભાઈ મહેરા નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે ફરીયાદી મહેશભાઈ બાબરભાઈ પગીનાઓ તેમના મિત્ર થાય છે. અકસ્માતવાળો બનાવ આશરે છ–સાત વર્ષ અગાઉ બાલાસિનોર તાલુકાના ગધાવાડા ગામે રોડ ઉપર સાંજે આશરે છ સાત વાગ્યે બનેલો. બનાવના રોજ મહેશભાઈ પોતાનો છોટા હાથી લઈને કંબોપા તેમના ઘરે આવેલા અને ત્યાથી તેઓ બંને જણા શહેરા તાલુકાના ઉજડા ગામે સેન્ટીંગના ટેકા ભરવા સારુ ગયેલા અને ત્યાંથી ટેકા ભરી બાલાસિનોર પરત આવેલા. બાલાસિનોર જી.આઈ.ડી.સી.માંથી બળતણના લાકડા ભરી સાંજે તેમના ગામ કંબોપા જવા સારુ નીકળેલા તે દરમ્યાન ગધાવાડા ગામ પાસે સામેથી એક એસ.ટી. બસ વાળાએ તેમના છોટા હાથીને ટકકર મારી અકસ્માત કરેલો. આ અકસ્માતમાં છોટા હાથીને આગળના કાચ તથા ડ્રાઈવર સાઈડના દરવાજાને નુકશાન થયેલુ. છોટા હાથી તેમની સાથેના મહેશભાઈ ચલાવતા હતા મહેશભાઈને પગમા સાથળના ભાગે વાગેલુ. તેઓને પેશાબના ભાગે ઈજાઓ થયેલી. આ દરમ્યાન કોઈકે ૧૦૮ ગાડીને ફોન કરતા તેઓને તથા મહેશભાઈને બાલાસિનોર સરકારી દવાખાને લઈ ગયેલા. અકસ્માત કરનાર એસ.ટી. બસ કયા રૂટની હતી કે તેનો નંબર શુ હતો તેની તેઓને ખબર નથી. એસ.ટી. બસનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી કે તેઓ પાછળથી પણ જાણેલ નહી. અકસ્માત બાબતે તેમની સાથેના મહેશભાઈ બાબરભાઈએ ફરીયાદ આપેલી.

જયારે આ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ બાર પાસ છે. એ વાતની તેઓને ખબર નથી કે છોટા હાથીનો રજી. નંબર હતો કે કેમ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,

બનાવવાળી જગ્યાની પશ્ચિમ બાજુ ડામર રોડનુ કામ ચાલુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, રોડનુ કામ ચાલુ હોવાથી રોડ એક તરફ અવર જવર કરવા માટે ચાલુ હતો. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, અકસ્માતવાળી જગ્યા જાહેર રોડ હોય ઘણા બધા વાહનોની અવર જવર રહે છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ચોમાસાના કારણે રસ્તા ખરાબ થઈ જવાના કારણે રસ્તાનું સમારકામ ચાલુ હતુ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, એસ.ટી. બસના ચાલક કોણ હતા તેઓએ જોયેલ નથી કે તેઓએ પાછળથી જાણેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, એસ.ટી. બસનો નંબર શુ હતો તેની તેઓને ખબર નથી કે તેઓએ પાછળથી જાણેલ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેમનો જવાબ લીધેલ નથી.

(૧૭) વધુમાં મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

> (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being

driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે....

Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

(૧૮) આમ, આ કામે ઉપરોકત તપાસવામાં આવેલ તમામ ફરીયાદી તથા સાહેદોની જુબાનીનું એકસાથે જો પુરાવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં ફરીયાદી તથા સાહેદો તેમની સોગંદપરની જુબાનીમાં ફરીયાદવાળો બનાવ બનેલાની હકીકત તેમની સરતપાસમાં જણાવે છે. વધુમા, આંક–૨૦થી ફરીયાદી મહેશભાઈ બાબરભાઈ પગી તથા તેમની સાથે છોટાહાથીમા બેસેલ સાહેદ ગોવિંદભાઈ રમેશભાઈ મહેરા નાઓને આંક–૩૪ થી તપાસેલા છે કે જેઓ બનાવ સમયે અકસ્માતવાળા વાહન ડ્રાયવરની પાસે બેસેલ હતા. ફરીયાદીએ પોતાની સરતપાસમાં અકસ્માત કરનાર વાહનનો નંબર ખબર નથી તેમ જણાવેલ છે અને હોસ્ટાઈલ કર્યા બાદ જી.જે. ૧૮ વાય–૮૧૧૯નો હોવાનુ જણાવેલ છે. પરંતુ ઉલટતપાસમા સદર ફરીયાદી હકીકત કબુલ કરતા જણાવેલ છે કે તેઓના વાહનનો રજીસ્ટ્રેશન નંબર આવેલો ન હતો અને બનાવ સ્થળે એક સાઈડ રોડનુ કામકાજ ચાલતુ હતુ અને બીજી સાઈડનો રોડ બન્ને સાઈડના વાહનો માટે આવવા તથા જવા માટેના વપરાશ માટે

બન્ને રીતે વપરાશમા હતો અને રસ્તાની આજુબાજુમા પાણીનુ નેણીયુ આવેલુ હતુ અને ફરીયાદીની છોટા હાથી ગાડી રજીસ્ટ્રેશન વગરની હતી અને તે ગાડી રોડ ઉપર ચલાવવી કાયદેસર નથી તેમ સ્વીકારેલ છે અને બનાવની ફરીયાદ બીજા કે ત્રીજા દિવસે આપેલી. જયારે ફરીયાદીની સાથે બેસેલ સાહેદ ગોવિદભાઈ રમેશભાઈ મહેરા કે જેઓ ચાર્જશીટના કામે સાહેદ તરીકે તપાસકરનાર અધિકારી એ નિવેદન લીધેલ નથી કે સાહેદ તરીકે દર્શાવેલ ન હોવાથી ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદ તરીકે તપાસવા અરજી આપતા આંક–૩૪ થી તેઓની જુબાની નોધવામા આવેલ છે તે જોતા, બનાવના રોજ મહેશભાઈ અને તેઓ છોટા હાથી લઈને શહેરા તાલુકાના ઉજડા ગામે સેનટીંગના ટેકા ભરવા સારુ ગયેલા અને ટેકા ભરી બાલાસિનોર પરત આવતા સાંજે ગધાવાડા ગામ પાસે સામેથી એક એસ.ટી. બસ વાળાએ અમારા છોટા હાથીને ટકકર મારી અકસ્માત કરેલો જેમા મહેશભાઈને પગમા સાથળના ભાગે અને મને પેઢામા પેશાબના ભાગે ઈજાઓ થયેલી અને તેઓએ એસટી બસ કયા રૂટની હતી તેનો નંબર શુ હતો કે એસ.ટી.બસનો ચાલક કોણ હતો તેની ખબર નથી તેમ જણાવેલ છે. આમ, બન્ને નજરે જોનાર ફરીયાદી અને સાહેદની જુબાનીથી અકસ્માત થયેલ અને તેમા છોટાહાથીને નુકશાન થયેલ અને તેઓ બન્નેને ઈજાઓ થયેલ તેવી હકીકત સ્પષ્ટ રીતે જણાવેલ છે. પરંતુ, એસ.ટી.બસના ચાલક વિશે બન્ને વિરોધાભાસી હકીકત જણાવે છે.

(૧૯) વધુમા, ફરીયાદી જ ઈજાપામનાર છે તેઓએ ફરીયાદ તથા સરતપાસમા એસ.ટી. બસનો નંબર પાછળથી જાણેલો જે જીજે–૧૮–યુ–૮૧૧૯નો હતો તેમ જણાવેલ છે અને તેઓની સાથે હાજર અન્ય ઈજાપામનાર સાહેદ ગોવિદભાઈ રમેશભાઈનાઓએ એસ.ટી.બસનો નંબર કે તેના ચાલક કોણ હતા તેની ખબર નથી એમ જણાવેલ છે તેમ જણાવે છે. હવે, ફરીયાદી ધ્વારા જે એસ.ટી.બસનો નંબર પાછળથી જાણેલ તેવી હકીકત જણાવેલ છે તે કોની પાસેથી જાણેલ

છે અને જેમની પાસેથી જાણેલ તે વ્યકિતને આ કામે તપાસવામા આવેલ નથી માટે ફરીયાદીનો અકસ્માતવાળા એસ.ટી. બસના નંબરની હકીકત હીયર –સે પુરાવો છે જેથી તેઓને જે જગ્યાએ નંબર જાણવા મળેલ તે અંગે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમા, ફરીયાદી ધ્વારા એસ.ટી. બસે ટર્ન મારીને ગાડીને અકસ્માત કરેલો તેમ જણાવેલ અને અકસ્માતવાળો રસ્તો હાઈવે રોડ છે અને ત્યા એક સાઈડના રોડનુ કામ ચાલતુ હોય સીંગલ પટ્ટી રોડ હતો અને ડાયવર્ઝન આવેલ હતુ તેથી સામાન્ય રીતે મોટા વાહનો ધીમી સ્પીડમા જ ચાલાવી શકાય છે અને ફરીયાદી પોતાની સરતપાસમા એસ.ટી.નો નંબર શુ મને ખબર નથી તેમ જણાવી એ.પી.પી.શ્રી ધ્વારા કરેલ ઉલટ તપાસમા નંબર જણાવી એસ.ટી. બસ પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી અથડાવેલ તેમ જણાવી જુદી જુદી હકીકત જણાવે છે. પરંતુ, ઉપર ચર્ચા કર્યા મુજબ એક સાઈડના રોડનુ કામ ચાલતુ હોય સીંગલ પટ્ટી રોડ હતો અને ડાયવર્ઝન આવેલ હતુ ત્યારે સામાન્ય રીતે મોટા વાહનો ધીમી ગતિમા જ ચાલાવવા પડે અને ટર્ન મારી અકસ્માત કરેલ હોવાનુ ફરીયાદી જણાવતા હોય ત્યારે વળાંક એ પણ રોડનુ કામ ચાલતા રોડ ઉપર હોય ત્યારે વાહનની ગતિ સામાન્ય હોય તેમ માનવાને કારણ બને છે. જેથી ફરીયાદપક્ષે શંકારહિત અકસ્માતવાળી એસ.ટી. બસ પુરઝડપે ગફલતભરી રીતે હંકારી લઈ આવેલ હોવાની હકીકત સાબીત થતી નથી.

(૨૦) વધુમાં આંક–૧૮ થી સાહેદ રમેશભાઈ શનાભાઈ મહેરા કે જેઓ સાહેદ ગોવિંદભાઈના પિતા છે તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યારે મહેશભાઈ અને તેમના દિકરાને રોડ ઉપર સુવાડેલા હતા અને ટાટા એસ ગાડી જોયેલ તથા એસ.ટી.બસ બનાવ સ્થળે જોયેલ નહી તેમ જણાવેલ છે અને ઉલટ તપાસમા તેઓ બનાવ સમયે ઘરે હતા તેથી બનાવ નજરે નજર જોયેલ નથી. આમ, સદર સાહેદ જે બનાવ બાદ અકસ્માતવાળી જગ્યાએ ગયેલ છે ત્યા એસ.ટી. બસ સ્થળે જોયેલ નથી કે તેનો નંબર જણાવેલ નથી તથા આંક–૨૨થી સાહેદ

બકોરભાઈ ભગાભાઈ પગી પણ અકસ્માતવાળી જગ્યાએ ગયેલા છે અને તેઓ પણ એસ.ટી. બસનો નંબર જણાવતા નથી માટે સદર સાહેદો હીયર–સે હોય તેઓનો પુરાવો અકસ્માત થયેલ તે પુરતો જ ગ્રાહ્ય રાખી શકાય તેમ છે અકસ્માત એસ.ટી. બસ ઘ્વારા હાલના આરોપીએ અકસ્માત કરેલ હોવાની હકીકત ફલિત થતી નથી.

(૨૧) વધુમા, આ કામે આંક–૨૯ થી તપાસ કરનાર અધિકારીને તપાસેલ છે તેઓએ બનાવવાળી જગ્યાએ જઈ પંચનામુ કરેલ અને લાગતા વળતા સાહેદોના નિવેદનો લીધેલ છે અને આરોપી સામે ચાર્જશીટ કરેલ છે. આરોપી તરફે ઉલટ તપાસમા સ્વીકારેલ છે કે, ઈજાપામનારના સારવારના સર્ટીફીકેટ આ કામે રજુ કરેલ નથી તેમજ છોટાહાથીનુ રજીસ્ટ્રેશન થયેલ નથી અને એસ.ટી. બસના કન્ડકટરનુ પણ નિવેદન લેવામા આવેલ નથી કે આરોપી બનાવ સમયે પોતાની ફરજ ઉપર હાજર હતા અને અકસ્માતવાળા રોડ ઉપર તેઓ બસ ચલાવતા હોવાનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમા, આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવવામા આવેલ નથી. આમ, સદર તપાસ કરનાર અધિકારી ઘ્વારા અકસ્માતવાળી એસ.ટી. બસ જે તે સમયે હાલના આરોપીના કબજા ભોગવટામા હતી અને તેઓ ચલાવી રહેલ હતા તે દર્શાવવા માટે એસ.ટી. વિભાગમાથી તેઓની નોકરી બનાવ સ્થળે વાળા રૂટ ઉપર હતી તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ ન હોય કે એસ.ટી. બસના કન્ડરનુ પણ કોઈ નિવેદન લેવામા આવેલ નથી કે હાઈવે રોડ ઉપરના કોઈ નજરે જોનાર સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામા આવેલ નથી. જેથી આરોપી અકસ્માતવાળી એસ.ટી. ચલાવતા હોવાની હકીકત ફલિત થઈ શકતી નથી. વધુમા, આ કામના આરોપીની કોઈ ઓળખ પરેડ પણ  કરાવવામા આવેલ નથી અને સૌથી અગત્યની હકીકત અકસ્માતમા ઈજાપામનાર સાહેદોના સારવાર અંગેના કોઈ કાગળો તપાસના કામે રજુ કરેલ નથી કે ઈજાપામનાર સાહેદો ઘ્વારા પણ તેઓની જુબાની દરમ્યાન કોઈ સારવારના કાગળો રજુ કરેલ નથી તેમજ

બનાવવાળી જગ્યાના પંચો ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી માટે ફરીયાદી અને સાહેદને અકસ્માતમા ઈજા થયેલ હોવાની તેમજ છોટાહાથી ગાડીને નુકશાન થયેલ હોવાની હકીકત શંકારહિત સાબીત કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

વધુમા, ફરીયાદ તથા પંચનામી હકીકત જોતા, તેમા એસ.ટી. બસને માત્ર ડ્રાયવર સાઈડે વચ્ચેના ભાગે પતરુ સાધારણ વળેલ અને જોઈન્ટ પટ્ટી ઉખડી ગયેલ હોવાની હકકીત જણાવેલ છે. જેથી પણ એસ.ટી. બસ જેવુ મોટુ વાહન છોટા હાથી જેવા ભારવાહક વાહનને પુરઝડપે અથડાય તો એસ.ટી.ને પણ નોઘવા લાયક નુકશાન થાય પરંતુ અહી એક માત્ર છોટા હાથીને જ નુકશાન થયેલ હોવાની હકીકત જણાવેલ છે અને ઈજાપામનારની ઈજાના કોઈ સારવાર કાગળો રજુ કરવામા આવેલ નથી તેમજ હાલનો આરોપી જ અકસ્માતવાળી એસ.ટી.બસ ચલાવતો હતો તેવો કોઈ શંકારહિત પુરાવો આપેલ નથી તેથી પણ ફરીયાદપક્ષના કેસ પરત્વે શંકા ઉપજાવે છે. **વળી, નામદાર વડી અદાલતે સ્ટેટ ઓફ હરીયાણા વિ. શેરસિંઘ– એ.આઈ.આર. ૨૦૦૯(એસ.સી.) ૮૨૩ ના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપી ડ્રાયવીંગ કરતો હોવાનુ પુરવાર ન થતા નિર્દોષ છુટવાને હકકદાર ઠરે તેમ ઠરાવવામા આવેલ.** તે સિધ્ધાંતને ધ્યાને રાખી જે પુરાવો રજુ થયેલ છે તેમા ડ્રાયવરની ઓળખ થયેલ નથી અને ફરીયાદી તથા સાહેદોએ હાલનો આરોપી જ અકસ્માત કરનાર વાહન ચલાવતો હતો તેવો પુરાવો આપેલ નથી. જેથી આ કામનાં આરોપીની બેદરકારી અને નિષ્કાળજીને કારણે જ કહેવાતો અકસ્માતનો બનાવ બનેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

(૨૨) આમ, ઉપર મુજબ રજુ થયેલ પુરાવાઓ જોતાં, સદરહું કેસમાં ફરીયાદપક્ષે મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં આ કામના આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯, ૩૩૭,૪૨૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪,

૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **–:: હુ ક મ ::–**

- આ કામનાં આરોપી શૈલેષકુમાર કાળીદાસ પટેલ, રહે. સાધકપુર, તા.લુણાવાડા, જી.મહીસાગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ ૨૫૫(૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડ–૧૮૬૦ કલમ–૨૭૯, ૩૩૭, ૪૨૭ તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામનાં આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ સી.આર.પી.સી. ની કલમ–૪૩૭(એ) મુજબનાં રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

**(બકુલકુમાર નટવરલાલ દવે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.,**
**બાલાસિનોર–મહીસાગર,**
**જજ કોડ–જી.જે.૦૧૨૭૨**

**તા.૧૪–૦૭–૨૦૨૬**
**સ્થળ–બાલાસિનોર.**

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//